પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૪૫ | ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૩, સોમવાર; ફાગણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# તુર્કીમાં ફરી ભૂકંપ : ભારે તારાજી

**તુર્કીમાં શનિવારે ફરી એક વખત ભૂકંપની ઝાટકા અનુભવાયા હતા. મધ્ય તુર્કી ક્ષેત્રમાં ૫.૫ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો : અત્યાર સુધી મૃત્યુઆંક ૫૦ હજારને પાર : ભૂકંપના લીધે તુર્કીમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે**



તુર્કી, તા.૨૬

તુર્કીમાં ફરી એકવાર ભૂકંપ આવ્યો છે. સતત આવી રહેલાં ભૂકંપના ઝાટકાથી તુર્કીમાં ભારે તારાજી સર્જાઈ છે. તુર્કીમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભૂકંપ બાદની સ્થિતિનો સર્વે કરતા જાણવા મળ્યું છેકે, ભૂકંપના કારણે તુર્કીમાં મૃત્યુઆંક ૫૦ હજારને પાર પહોંચી ગયો છે. જે ખુબ જ ચિંતાનો વિષય છે. તુર્કીમાં ભારે વિનાશ સર્જ્યાં બાદ પણ સતત ભૂકંપ આવી રહ્યા છે. અહીં લગભગ દરરોજ ભૂકંપ આવી રહ્યો છે. સ્થાનિક લોકોમાં ભારે ડરનો માહોલ છે. તુર્કીમાં શનિવારે ફરી એક વખત ભૂકંપની ઝાટકા અનુભવાયા હતા. મધ્ય તુર્કી ક્ષેત્રમાં ૫.૫ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. મળતી માહિતી પ્રમાણે ભૂકંપનું કેન્દ્ર ૧૦ કિમી (૬.૨૧ માઈલ) ઊંડાઈએ હતું.

૨૫ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ફરી તુર્કીમાં આવેલો ૫.૩ તીવ્રતાનો ભૂકંપ, આ મહિને તુર્કી-સીરિયન સરહદોમાં સતત ત્રીજો ભૂકંપ હતો જેણે અત્યાર સુધીમાં

● અનુસંધાન પાન-૭ પર

# બેંગ્લોરમાં વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારો કરાયો

**બે બારીઓના કાચ તૂટતા ભારે નુકસાન : આ ઘટના કૃષ્ણરાજપુર અને બેંગાલુરુ કેન્ટોનમેન્ટ રેલવે સ્ટેશન વચ્ચે બની**

બેંગલુરુ, તા.૨૬

કર્ણાટકના બેંગલુરુમાં મૈસૂર-ચેન્નાઈ એક્સપ્રેસ ટ્રેન વંદે ભારત પર શનિવારના રોજ પથ્થરમારો કરવામાં આવ્યો હતો. પથ્થરમારામાં ટ્રેનની બે બારીના કાચ તૂટી જતા ભારે નુકસાન પહોંચ્યું છે. આ ઘટના કૃષ્ણરાજપુર અને બેંગાલુરુ કેન્ટોનમેન્ટ રેલવે સ્ટેશન વચ્ચે બની હતી. ત્યારે આ ઘટના બાદ રેલવે પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જો કે, આ પથ્થરમારાની ઘટનામાં યાત્રીઓને કોઈ જાનમાલનું નુકસાન પહોંચ્યું નથી અને તમામ મુસાફરો સુરક્ષિત છે. જો કે, રેલવે પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે પણ આ મામલે હજુ સુધી કોઈની ધરપકડ થઈ નથી.

પીએમ મોદીએ ગયા વર્ષે ૧૧ નવેમ્બરના રોજ સેમી હાઈટેક ટ્રેન મૈસૂર-ચેન્નાઈ વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી.



ચેન્નાઈ-મૈસૂર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન અઠવાડિયામાં છ દિવસ દોડે છે. આ ચેન્નાઈ સેન્ટ્રલથી સવારે ૫.૫૦ વાગે ઉપડે છે અને બપોરે ૧૨.૩૦ વાગે મૈસૂર પહોંચે છે. આ દરમિયાન ટ્રેન બેંગાલુરુના કેએસઆર સ્ટેશન પર પણ રોકાય છે.

# રશિયા-યુક્રેન યુદ્ધમાં ભારતે પરમાણુ હુમલો થતો અટકાવ્યો

**અમેરિકાના વિદેશ મંત્રીનો મોટો ખુલાસો : યુદ્ધ ખતમ કરવા રશિયાના રાષ્ટ્રપતિ યુક્રેન પર ન્યૂક્લીયર હુમલો કરી ચુક્યા હોત, આમ કરવાથી ભારત અને ચીને રોક્યા**

વોશિંગ્ટન, તા.૨૬

અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિકનનું રશિયા-યુક્રેન યુદ્ધને લઈને મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે ભારત અને ચીનના કારણે અત્યાર સુધી યૂક્રેન પર રશિયાએ પરમાણુ હુમલો કર્યો નથી. ૨૨૦ શિખર સંમેલન માટે પોતાની ભારત યાત્રા પહેલા ધ એટલાન્ટિકને આપેલા ઈન્ટરવ્યૂમાં બ્લિકને કહ્યુ- પુતિન આ યુદ્ધમાં વધુ તર્કહીન રૂપથી જવાબ આપી શકતા હતા. માસ્કો તરફથી વારંવાર પરમાણુ હુમલાની ધમકી આપવામાં આવી. આ એક ચિંતાનો વિષય છે.

બ્લિકને કહ્યું કે આ બંને દેશનો જ પ્રભાવ છે નહીં તો અત્યાર સુધી રશિયા આ યુદ્ધ જીતવા માટે યૂક્રેન પર પરમાણુ કરી ચૂક્યું હોત. બ્લિકન જી-૨૦ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા માટે આગામી અઠવાડિયે ભારત આવવાના છે. ધ એટલાન્ટિકને આપવામાં આવેલા ઈન્ટરવ્યૂમાં તેમણે અનેક વાતનો ખુલાસો કર્યો છે. બ્લિકને ભારતના અન્ય દેશો સાથેના સંબંધો પર કહ્યું કે રશિયા દાયકાથી ભારતની નજીક રહ્યું છેઅને તેને સૈન્ય ઉપકરણો પૂરા પાડે છે. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી અમે જોયું છે કે તે માત્ર રશિયા પર વિશ્વાસ રાખવાની જગ્યાએ અમારા અને ફ્રાંસ જેવા અન્ય દેશોની સાથે ભાગીદારી વધારી રહ્યું છે.

# સિદ્ધુ મૂસેવાલા મર્ડર કેસના આરોપી સહિત ૨નાં મોત

**પંજાબની જેલમાં ગેંગવોર : મૂસેવાલા મર્ડર કેસમાં અરેસ્ટ મનદીપ તૂફાનનું ઘટનાસ્થળે જ મોત : મનમોહન સિંહનું સારવાર દરમિયાન મોત**

તરનતારન, તા.૨૬

પંજાબના તરનતારન સ્થિત ગોઈંદવાલ સાહેબ જેલમાં ગેંગવૉર દરમિયાન ૨નાં મોત નીપજ્યા હતા. આ જેલમાં ૨ ગેંગના બદમાશો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી કે જેમાં મનદીપ સિંહ તૂફાન અને મનમોહન સિંહનું મોત નીપજ્યું હતું, તેઓની હત્યા કરવામાં આવી છે. બઠિંડાનો રહેવાસી ત્રીજો ગેંગસ્ટર કેશવ ગંભીરરીતે ઘાયલ થયો છે. તેને અમૃતસરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

સિદ્ધુ મૂસેવાલા હત્યા કેસમાં રાઈના રહેવાસી દુરાન મનદીપ સિંહ તૂફાનની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે ગેંગસ્ટર મણિ રઈયા સાથે મનદીપ તૂફાનની ધરપકડ કરી હતી. આ તૂફાનની તરનતારનમાં વેરોવાલ પોલીસ સ્ટેશનના એક ગામથી ધરપકડ કરવામાં આવી હતી. ગેંગસ્ટર મનદીપ તૂફાન, જગ્ગુ ભગવાનપુરિયા ગેંગનો શાર્પ શૂટર હતો. જગ્ગુ ભગવાનપુરિયાની પૂછપરછ કર્યા પછી તેનું નામ મૂસેવાલા હત્યાના કેસમાં બહાર આવ્યું હતું. ડીએસપી જસપાલસિંહ ઢિલ્લોંએ કહ્યું કે બઠિંડાનો રહેવાસી કેશવ અને બાદલાદાનો રહેવાસી મનમોહન સિંહ મોહનાને સિવિલ હોસ્પિટલ તરનતારનમાં દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ ગેંગસ્ટર મનમોહનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

ગત વર્ષે ૨૦૨૨માં મે મહિનામાં જાણીતા પંજાબી સિંગર અને રેપર સિદ્ધુ મૂસેવાલાની ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. સિદ્ધુ મૂસેવાલા અને તેમના ૨ સાથીઓ પર ઘણાં રાઉન્ડ ફાયરિંગ થયું હતું. ત્રણેયને હોસ્પિટલમાં એડમિટ કરાવાયા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. મૂસેવાલાને ગેંગસ્ટરો તરફથી ધમકીઓ મળી હતી. તેમ છતાં પંજાબની આમ આદમી પાર્ટીની સરકારે કાયદો-

● અનુસંધાન પાન-૭ પર

# સીબીઆઈ દ્વારા દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાની ધરપકડ

**એક્સાઈઝ પોલિસી કેસમાં ૮ કલાક પૂછપરછ કરાઈ : પુરાવાઓનો નાશ કરવાના આરોપમાં ધરપકડ કરાઈ : રાજકીય દુશ્મનાવટના કારણે ભાજપે આ ધરપકડ કરાવી છે : આપનો આક્ષેપ**

નવી દિલ્હી, તા.૨૬

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા મનીષ સિસોદિયાની CBI દ્વારા ધરપકડ કરવામાં આવી છે. દિલ્હીની એક્સાઈઝ નીતિની રચનામાં કથિત અનિયમિતતા સંબંધિત કેસમાં લગભગ ૮ કલાકની પૂછપરછ બાદ CBI દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી. CBI સૂત્રોના જણાવ્યા અનુસાર, સિસોદિયાની ધરપકડ પુરાવાનો નાશ કરવાના આરોપમાં કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ મામલે છેલ્લા આઠ કલાકથી સીબીઆઇ દ્વારા તેઓની પૂછપરછ ચાલી રહી હતી. આખરે તેઓની ધરપકડ કરવામાં આવી છે.



CBI સૂત્રોના જણાવ્યા અનુસાર, સિસોદિયાની ધરપકડ પુરાવાનો નાશ કરવાના આરોપમાં કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર દિલ્હીના ડેપ્યુટી ઝસ મનીષ સિસોદિયા પર અનેક ફોન સેટ નષ્ટ કરવાનો આરોપ છે. સૂત્રોએ જણાવ્યું કે સિસોદિયાને આવતીકાલે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

દિલ્હીના ડેપ્યુટી ઝસ મનીષ સિસોદિયાની ધરપકડના દિવસને આમ આદમી પાર્ટીએ લોકશાહી માટે કાળો દિવસ ગણાવ્યો છે. પાર્ટીના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર લખ્યું, 'લોકશાહી માટે કાળો દિવસ! કરોડો બાળકોના ભવિષ્યને ઘડનાર વિશ્વના શ્રેષ્ઠ શિક્ષણ મંત્રી મનીષ સિસોદિયાની ભાજપની સીબીઆઈએ એક નકલી કેસમાં ધરપકડ કરી છે. રાજકીય દુશ્મનાવટના કારણે ભાજપે આ ધરપકડ કરાવી છે. આ પ્રકારના આક્ષેપ આપ દ્વારા લગાવવામાં આવ્યા હતા.

# પુલવામામાં આતંકીઓએ કાશ્મીરી પંડિતની હત્યા કરી

**આતંકી સંગઠન TRFએ લીધી જવાબદારી**

જમ્મુ, તા.૨૬

જમ્મુ-કાશ્મીરમાં ટારગેટ કિલિંગનો સિલસિલો રોકાવાનું નામ લઈ રહ્યો નથી. હવે પુલવામામાં આતંકીઓએ ગોળી મારીને એક શખસની હત્યા કરી હોવાના સમાચાર સામે આવ્યા છે. પ્રાપ્ત જાણકારી મુજબ, બજારમાં આતંકીઓએ જે શખસને ગોળી મારી હતી એની ઓળખ થઈ છે. તે એક કાશ્મીરી પંડિત હોવાનું સામે આવ્યું છે. આ હત્યા તેની ઓળખ કર્યા બાદ કરવામાં આવી હતી. મૃતક સંજય શર્મા બેંકનો એક કર્મચારી હોવાનું સામે આવ્યું છે.

આ ઘટના વિશે પોલીસે જાણકારી આપતા કહ્યું કે, લગભગ ૧૧ વાગે આ ઘટના બની હતી. મૃતકની ઓળખ દક્ષિણ કાશ્મીર જિલ્લાના અચન વિસ્તારમાં રહેતા સંજય શર્મા તરીકે થઈ છે. મૃતકની ઉંમર લગભગ ૪૦ વર્ષ હતી. કાશ્મીર ઝોન પોલીસે ટ્વિટ કરીને લખ્યું કે, આતંકવાદીઓએ પુલવામામાં કાશીનાથ શર્માના દીકરા સંજય શર્મા પર ગોળીએ ચલાવી હતી. ઘટના બની ત્યારે મૃતક બજારમાં જઈ રહ્યો હતો.

પોલીસે કહ્યું કે, શર્માને હોસ્પિટલમાં લઈ જવામાં આપ્યો હતો, પણ તેનું મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ તેના ગામમાં શસ્ત્ર બળની તૈનાતી કરવામાં આવી છે. સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે અને આતંકીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તો કેન્દ્રીય મંત્રી અને ઉધમપુરના સાંસદ જિતેન્દ્ર સિંહે સંસદમાં જણાવ્યું કે, કાશ્મીર ઘાટી કાશ્મીર પંડિતોના પલાયનથી પ્રભાવિત થઈ છે.

# આતંકી બનવા પાકિસ્તાન જઈ રહેલા શખસો ઝડપાઈ ગયા

નવી દિલ્હી, તા.૨૬

દિલ્હીમાં બે એવા યુવકોને ઝડપી પાડવામાં આવ્યા છે કે જેઓ આતંકી બનવા માટે પાકિસ્તાન જવાની ફિરકામાં હતા. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે આ બંને યુવકોને લાલ કિલ્લા પાસેથી ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી પોલીસે હથિયાર પણ કબજે કર્યા છે. દિલ્હી પોલીસે બંને યુવકોની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ યુવકો પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદીઓના આકાઓનાં સંપર્કમાં હતા. યુવકોની ધરપકડ બાદ ફરી એક વાર પાકિસ્તાનના ઈરાદા પર પાણી ફરી ગયુ છે અને દિલ્હી પોલીસે પાકિસ્તાનમાં બેઠેલાં આતંકીઓના ષડયંત્રનો પણ પર્દાફાશ કર્યો છે.

પોલીસે જે આરોપીઓની ધરપકડ કરી છે એમાં એકનું નામ ખાલીદ મુબારક ખાન છે અને તે મહારાષ્ટ્રનો રહેવાસી છે.




